Paper Code - 3066

B R S Sem – I (Old Course)
July-Sep – 2021
Core – 1- SOIL SCIENCE AND FERTILIZER MANAGEMENT

કુલ સમય :– ૩૦ મીનીટ કુલ પ્રશ્નો : ૩૫ વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૨૫

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૨૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૨૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

પ્રશ્ન.૧ જો જમીનનો પી.એચ. આંક ૭ હોય તો તેવી જમીનને કેવી જમીન કહેવાય?
A.તટસ્થ કે શિથિલ B. એસીડીક C. બેઝીક D. ત્રણેય

પ્રશ્ન.૨ નીચેનામાંથી જમીનના કયા પ્રકારના કણોને નરી આંખે જોઈ શકાય છે?
A. રેતી B. માટી C. કાંપ D. ત્રણેય

પ્રશ્ન.૩ જમીનના રજકણો હવામાં રહેલા ભેજનું શોષણ કરે તે ભેજને કયા પ્રકારનો ભેજ કહે છે?
A. આદ્રતા ભેજ B. ગુરૂત્વાકર્ષણીય ભેજ
C. કેશાકર્ષણીય ભેજ D. એકેય નહિ .

પ્રશ્ન.૪ નીચેનામાંથી કયા પ્રકારના ખડકોના સ્ફટિકો ઘણા જ નાના હોય છે.
A. જ્વાળામુખી કે લાવાના ખડકો B. પાતળીય ખડકો
C. બંદ અને અંતભેડી ખડકો D. એકેય નહિ

પ્રશ્ન.૫ જમીનનો કયા પ્રકારો બાંધો ખેતી માટે ઘણો જ સારો ગણાય છે.
A. પ્રીઝમ જેવો બાંધો B. થાંભલા જેવો બાંધો
C. પટ્ટી જેવો બાંધો D. છિદ્રાળુ દાણાદાર બાંધો

પ્રશ્ન.૬ કોઈ પણ રસાયણમાં / પદાર્થમાં કાર્બન ડાયોકસાઈડ જોડાય તે પ્રક્રિયાને શું કહે છે?
A. ઉપચયન B. અપચયન C. જલીયીકરણ D. કાર્બોનેશણ

પ્રશ્ન.૭ અમ્લ / એસીડીક જમીન સુધારવા માટે કયો પદાર્થ વપરાય છે?
A. જીપ્સમ B. ફોસ્ફો જીપ્સમ C. યુરીયા ખાતર D. ચૂનો

પ્રશ્ન. ૮ સામાન્ય જમીનમાં કદની દષ્ટિએ સેન્દ્રીય પદાર્થોનું પ્રમાણ કેટલું હોય છે?
A. ૪૫ % B. ૫ % C. ૨૦ % D. ૫ %

પ્રશ્ન.૯ જો જમીનરસમાં H+ અને OH- આયાનોનું પ્રમાણ સરખું હશે તો જમીનરસનો પી.એચ. આંક કેટલો હશે?
A. ૫ B. ૭ C. ૯ D.૧૧

પ્રશ્ન.૧૦ જલકૃત ખડકો કયા પ્રકારના ખડકોમાંથી બનેલ છે.
A.વિકૃત ખડકો B.અગ્નિકૃત ખડકો
C. વિકૃત અને અગ્નિકૃત બંને માંથી D.ઉપરોક્ત પૈકી એક પણ નહિ

પ્રશ્ન.૧૧ વરસાદ કે પિયતનું પાણી જમીનને મળે ત્યારે જમીનના રજકણો ઉપર ભેજ પડરૂપે બંધાય છે તે ભેજને કયા પ્રકારનો ભેજ કહે છે?
A. આદ્રતા ભેજ B. કેશાકર્ષણીય ભેજ C.ગુરૂત્વાકર્ષણીય ભેજ D. ત્રણેય

પ્રશ્ન.૧૨ નીચેનામાંથી કયા પ્રકારના જમીનના કણોનું પ્રમાણ વધુ હોય તો જમીનમાં હવાની અવરજવર સારી થાય છે?
A. માટી B. રેતી C. કાંપ D. ત્રણેય

પ્રશ્ન.૧૩ ખડકો અને ખનીજોનું અપક્ષય કોઈ સજીવ ધ્વારા થાય તેવા અપક્ષયને કયા પ્રકારનું અપક્ષય કહે છે?
A. ભૌતિક અપક્ષય B. રાસાયણિક અપક્ષય C. જૈવિક અપક્ષય D. એકેય નહિ

પ્રશ્ન.૧૪ જમીનરસ અને જમીનના કલે વચ્ચે આયનોની આપલેની પ્રક્રિયાને શું છે?
A. આયન વિનિમય B. પી.એચ.આંક C. જળ વિશ્લેષણ D. જલીયી કરણ

પ્રશ્ન.૧૫ ખડકો અને ખનીજોનું કુદરતી પરિબળોથી વિચ્છેદન થાય તે કયા પ્રકારનું અપક્ષય કહેવાય.
A. જૈવિક અપક્ષય B. રાસાયણિક અપક્ષય C. જૈવ રાસાયણિક અપક્ષય D. ભૈતિક અપક્ષય

પ્રશ્ન.૧૬ નીચેનામાંથી જમીનના કયા કણો કલિલમય હોય છે?
A.રેતી B. કાંપ C. માટી D. ત્રણેય

પ્રશ્ન.૧૭ જો જમીનનો પી.એચ. આંક ૯ હોય તો તેવી જમીનને કયા પ્રકારની જમીન કહેવામાં આવે છે ?
A. તટસ્થ જમીન B. એસીડીક કે અમ્લ જમીન
C. બેઝીક કે અલ્ક જમીન D. ત્રણેય પ્રકારની

પ્રશ્ન.૧૮ અલ્ક કે ખારી- ભાસ્મિક સુધારવા માટે કયો પદાર્થ વપરાય છે?
A. યુરીયા ખાતર B. સોડીયમ નાઈટ્રેટ C. ચૂનો D. જીપ્સમ

પ્રશ્ન.૧૯ નીચેના માંથી કયું આયન જમીનરસને અલ્ક કે બેઝીક બનાવે છે?
A. Cl- B. Ca+2 C. H2PO4- D. OH-

પ્રશ્ન.૨૦ માટીના કણોનું કદ (કણોનો વ્યાસ) કેટલું હોય છે?
A. ૨ મિ.મી કરતા વધારે B. ૦.૨ થી ૨ મિ.મી C. ૦.૦૦૨ મિ.મી કરતા ઓછુ D.૦.૨ થી ૦.૦૨ મિ.મી

પ્રશ્ન.૨૧ નીચેનામાંથી કયું પોષકતત્વ છોડમાં કોષવિભાજીન ક્રિયા માટે ખુબ જ આવશ્યક છે?
A. ફોસ્ફરસ B. નાઈટ્રોજન C. પોટાશ D. એકેય નહિ.

પ્રશ્ન.૨૨ નીચેનામાંથી કયા તત્વો છોડને હવા અને પાણીમાંથી મળે છે?

A. કાર્બન **B.** હાઇડ્રોજન **C.** ઓક્સીજન **D.** ત્રણેય

પ્રશ્ન.૨૩ નીચેનામાંથી ક્યાં પ્રકારનું ધોવાણ જલદી નજરે પડતું નથી?

A. ચીરા રૂપે થતું ધોવાણ **B.** ચાદરપટ ધોવાણ

C. વોકળા રૂપે થતું ધોવાણ **D.** ત્રણેય

પ્રશ્ન.૨૪ કેલ્શિયમ કયા પ્રકારનું પોષકતત્વ છે?

A.પ્રાથમિક પોષકતત્વ **B.** સુક્ષ્મ પોષકતત્વ **C.** ગૌણ પોષકતત્વ **D.** અલ્પ પોષકતત્વ

પ્રશ્ન.૨૫ કયા પ્રકારના ભેજનો ઉપયોગ છોડ કરે છે?

A. ગુરુત્વાકર્ષનીય ભેજ **B.** આદ્રતા ભેજ **C.** કેશાકર્ષણીય ભેજ **D.** ત્રણેય

પ્રશ્ન.૨૬ પાકની ફેરબદલીમાં કયા મુદ્દા ધ્યાનમાં રાખવા જોઈએ ?

A. અનાજવર્ગના પાકો પછી કઠોળ વર્ગના પાકોની વાવણી કરાવી

B. ઊંડા મૂળ વાળા પાકો પછી છીછરા મૂળ વાળા પાકોની વાવણી કરાવી.

C. વધારે ખાતરની જરૂરિયાત વાળા પાકો પછી ઓછા ખાતરની જરૂરિયાત વાળા પાકોની વાવણી કરાવી

D. ત્રણેય

પ્રશ્ન.૨૭ જમીનના ધોવાણથી શું નુકશાન થાય છે?

A. જમીનની ફળદ્રુપતા ઘટે છે **B.**જમીન ખાડા-ટેકરાવાળી થઇ જાય છે

C. Aઅને B બંને **D.** Aઅને B માંથી એકેય નહિ

પ્રશ્ન.૨૮ નીચેનામાંથી કયું તત્વ સૂક્ષ્મ પોષકતત્વ નથી?

A. સલ્ફર **B.** જસત **C.** લોહ **D.** બોરોન

પ્રશ્ન૨૯ .જમીનમાં કોઈ એક પાક વાવી તેજ જમીનમાં દાટી દેવામાં આવે તેને શું કહે છે?

A. મિશ્રપાક **B.** લીલો પડવાશ **C.** આંતર પાક **D.** મલ્ચીંગ

પ્રશ્ન.૩૦ છોડને આવશ્યક ગૌણ પોષકતત્વોની સંખ્યા કેટલી છે?

A. ૬ **B.** ૯ **C.** ૩ **D.** ૧૬

પ્રશ્ન.૩૧ જમીનનું ધોવાણ કરતા કુદરતી પરિબળ કયા છે?

A. વરસાદનું પાણી **B.** પવન **C.** દરિયાના મોંજા **D.** ત્રણેય

પ્રશ્ન.૩૨ નીચેનામાંથી કયું સુક્ષ્મ પોષકતત્વ છે?

A. નાઈટ્રોજન **B.** પોટેશિયમ **C.** કેલ્શિયમ **D.** જસત

પ્રશ્ન.૩૩ નીચેનામાંથી કયા પ્રકારના ધોવાણમાં જમીનનું ઉપરનું અને નીચેનું બંને પડનું ધોવાણ થાય છે ?

A. ચાદરપટ ધોવાણ **B.**ચીરા રૂપે થતું ધોવાણ

C.Aઅને B બંને **D.** Aઅને B માંથી એકેય નહિ

પ્રશ્ન.૩૪ નીચેનામાંથી કયું તત્વ પ્રાથમિક પોષકતત્વ નથી?

A. નાઈટ્રોજન **B.** ફોસ્ફરસ **C.** પોટાશ **D.** સલ્ફર

પ્રશ્ન.૩૫ મલ્ચીંગ કરવાથી શું ફાયદો થાય?

A. જમીનમાં ભેજ જળવાય **B.** જમીનનું ધોવાણ અટકે

C. જમીનમાં નિંદણનો ઉપદ્રવ ઓછો થાય **RD.** ત્રણેય